www.edumatireals.in

ધોરણ :– 8 **પ્રથમ સેમેસ્ટર** કુલ ગુણ :– 80

**વિષય :– સામાજિક વિજ્ઞાન**

## વિભાગ – અ

**પ્ર.1 નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો : (પ્રત્યેકનો એક ગુણ) [25]**

(1) વાસ્કો–દ–ગામા કયાં દેશનો વતની હતો ?
(a) ઈટાલીનો (b) સ્પેઈનનો (c) ફ્રાન્સનો (d) ન્યૂઝીલેન્ડનો

(2) કયા મુઘલ બાદશાહે અંગ્રેજોને સુરતમાં વેપાર કરવાની છૂટ આપી ?
(a) ઔરંગઝેબે (b) જહાંગીરે (c) શાહજહાંએ (d) અકબરે

(3) વાસ્કો–દ–ગામાનું જહાજ કયા દિવસે કાલિકટ બંદરે આવ્યું ?
(a) 22 મે, 1500 ના દિવસે (b) 22 મે, 1498 ના દિવસે
(c) 12 માર્ચ, 1492 ના દિવસે (d) 10 નવેમ્બર, 1480 ના દિવસે

(4) જલાવરણ પૃથ્વી સપાટીનો આશરે કેટલા ટકા ભાગ રોકે છે ?
(a) 97 ટકા (b) 29 ટકા (c) 71 ટકા (d) 78 ટકા

(5) પૃથ્વી પરના પાણીના કુલ જથ્થામાંથી કેટલા ટકા પાણી મહાસાગરોમાં છે ?
(a) 71 ટકા (b) 78 ટકા (c) 80 ટકા (d) 97 ટકા

(6) કયો વાયુ ઓકિસજન વાયુના જલદપણાને મંદ કરે છે ?
(a) ઓઝોન (b) નાઈટ્રોજન (c) કાર્બન ડાયોકસાઈડ (d) હાઈડ્રોજન

(7) બંધારણ સભાના અધ્યક્ષ પદે કોને ચૂંટવામાં આવ્યા ?
(a) ડો. રાજેન્દ્ર પ્રસાદને (b) ડો. કનૈયાલાલ મુનશીને
(c) ડો.બી.આર. આંબેડકરને (d) ડો. રાધાકૃષ્ણનને

(8) બંધારણ સભાએ તેની કામગીરી કયારે શરૂ કરી ?
(a) 9 નવેમ્બર, 1954 ના દિવસથી (b) 20 જાન્યુઆરી, 1946 ના દિવસે
(c) 9 ડિસેમ્બર, 1946 ના દિવસથી (d) 1 માર્ચ, 1946 ના દિવસથી

(9) સહાયકારી યોજના સૌપ્રથમ કોણે સ્વીકારી હતી ?
(a) ટીપુ સુલતાને (b) નિઝામે (c) રણજિતસિંહે (d) હૈદરઅલીએ

(10) ભારતમાં યુનિવર્સિટીઓ કયારે શરૂ થઈ ?
(a) ઈ.સ. 1858 માં (b) ઈ.સ. 1875 માં (c) ઈ.સ. 1857 માં (d) ઈ.સ. 1860 માં

(11) કયા પેશ્વાના અવસાન પછી મરાઠાસંઘમાં મુઘડા શરૂ થયા ?
(a) નાના સાહેબના (b) નારાયણરાવના (c) બાલાજી બાજીરાવના (d) નાના ફડણસવીરા

(12) ભૂકંપકેન્દ્રથી પૃથ્વીની સપાટીની નજીકના સ્થળ કે કેન્દ્રને શું કહે છે ?
(a) ભૂકંપ નિર્ગમનકેન્દ્ર (b) ભૂકંપ ઉદગમ કેન્દ્ર (c) ભૂગર્ભ નિર્ગમન કેન્દ્ર (d) ભૂસ્ખલન કેન્દ્ર

(13) દુષ્કાળની સંભાવના ઓછી કરવા શેનું પ્રદૂષણ અટકાવવું જોઈએ ?
(a) નદીઓનું (b) વાતાવરણનું (c) જળનું (d) જમીનનું

(14) બંગાળમાં કઈ સાલમાં દારૂણ દુષ્કાળ પડયો હતો ?
(a) ઈ.સ. 1760 માં (b) ઈ.સ. 1880 માં (c) ઈ.સ. 1770 માં (d) ઈ.સ. 1772 માં

(15) સતી થવાના રિવાજ પર પ્રતિબંધ મૂકતો કાયદો કોણે અમલમાં મૂકયો ?
(a) ડેલહાસીએ (b) વેલેસ્લીએ (c) કોર્નવોલિસે (d) વિલિયમ બેન્ટિક

(16) કોના સમયમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ કલેકટરને સોપવામાં આવ્યું ?
(a) વિલિયમ બેન્ટિકનાં (b) વોરન હેસ્ટિંગ્સના (c) ડેલહાઉસીના (d) વેલેસ્લીના

(17) વિશ્વમાં 'ઓઝોન દિવસ' કયારે ઉજવવામાં આવે છે ?
(a) 28 ઓકટોબરે (b) 1 જાન્યુઆરીએ (c) 5 જૂને (d) 16 સપ્ટેમ્બર

(18) ડિસેમ્બર 2009 માં પર્યાવરણને બચાવવા વિશ્વના દેશોની બેઠક કયા શહેરમાં મળી હતી ?
(a) જાપાનના ટોકિયો શહેરમાં (b) ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં
(c) ડેન્માર્કના પાટનગર કોપનહગનમાં (d) ઈટલીના પાટનથર રોમમાં

(19) નીચેના પૈકી કયા દેશમાં સૌથી વધારે વરસાદ પડે છે ?
(a) ફિલિપાઈન્સ (b) રશિયા (c) બ્રાઝીલ (d) ઈરાન

(20) રાજય સભામા કેટલા સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે ?
(a) 250 (b) 262 (c) 238 (d) 545

(21) હોદાની રૂએ રાજયસભાના સભાપતિ કોણ બન છે ?
(a) રાષ્ટ્રપ્રમુખ (b) ઉપરાષ્ટ્રપ્રમુખ (c) અધ્યક્ષ (સ્પીકર) (d) વડાપ્રધાન

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(22) લોકશાહીનું અગત્યનું લક્ષણ કયું છે ?
(a) પ્રજાનું સાર્વભૌમત્વ (b) સલાહકાર મંડળ (c) વ્યકિતવાદ (d) લશ્કરનું પ્રભુત્વ

(23) ઈ.સ. 1857 માં સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ કરવા માટે કયો દિવસ નકકી કરવામાં આવ્યો હતો ?
(a) 20 મે (b) 31 મે (c) 1 જૂન (d) 10 જુલાઈ

(24) સ્વાતંત્ર્યસંગ્રામના કયા અગગણ્ય નેતા ગુજરાતમાં આશરે 15 દિવસ સુધી રહયા હતા ?
(a) નાના સાહેબ પૌવા (b) તાત્યા ટોપે (c) બહાદુરશાહ મુફર (d) કુંવરસિંહ

(25) અંગ્રેજ સરકારના તોપમારાથી બેટ દ્વારકાના કિલ્લાને બચાવવા કોણે અદ્વિતીય કામ કર્યુ ?
(a) દાહોદી સ્ત્રીઓએ (b) રાણી લક્ષ્મીબાઈએ (c) વાઘેર સ્ત્રીઓએ (d) સંથાલ લોકોએ

## વિભાગ – બ

✷ **નીચેના પ્રશ્નોનાં ઉત્તર એક–બે વાકયમાં લખો : (પ્રત્યેકનો એક ગુણ) (વિકલ્પો આંતરિક છે)** **[20]**

(1) ડચ લોકો કયા દેશના વતની હતા ? તેમણે ભારતમાં કયાં સ્થળોએ વેપારી મથકો સ્થાપ્યા ?
(2) પ્લાસીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયુ ? તેનું શું પરિણામ આવ્યું ?
(3) ભારતમાં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કયાં – કયાં વેપારી કોઠીઓ સ્થાપી ?
(4) વાતાવરણમાં શું–શું ભળેલું હોય છે ?
(5) ઓઝોન વાયુનું પ્રમાણ કયા વિસ્તારોમાં અને કયારે વધુ હોય છે ?
(6) ભારતનું બંધારણ કયા–કયા રાષ્ટ્રીય લક્ષ્યોનો આધારસ્તંભ છે ?

**અથવા**

બંધારણસભાએ બંધારણને કયારે પસાર કર્યુ ?

(7) આપણા બંધારણમાં કઈ–કઈ વિશેષતાઓ રહેલી છે ?
(8) વેલેસ્લીએ કઈ નીતિનો અમલ કરી ભારતમાં અંગ્રેજ સતાને સર્વોપરી બનાવી હતી ?
(9) ડેલહાઉસીએ ભારતમાં કયા કયા સુધારા કર્યા ?
(10) ભૂંકૂપ એટલે શું ?

**અથવા**

ભૂકંપના પ્રકાર કેટલા છ ? કયા – કયા ?

(11) જવાળામુખી વિસ્ફોટ થવાના કારણો કયાં–કયાં છે ?
(12) અંગ્રેજ સરકારે સામાજિક સુધારણાની જે રીત અપનાવી હતી તેનાથી લોકોમાં કયો ભય ઉભો થયો હતો ?
(13) મેકોલેએ ભારતમાં અંગ્રેજી કેળવણી શા માટે શરૂ કરી ?
(14) ભારતની આર્થિક સમૃદ્ધિ વિશે વિશ્વના ઈતિહાસકારોએ શું કહયું છે ?
(15) 'વાતાવરણીય ફેરફાર' કોને કહેવામાં આવે છે ?
(16) આબોહવા પરિવર્તનનો પ્રશ્ન શાથી ઉદ્‌ભવ્યો છે ?
(17) રાજયસભાના સભ્યોની ચૂંટણી કોણ કરે છે ?
(18) સંસદસભ્યની મુખ્ય જવાબદારી શી છે ?
(19) ઈ.સ. 1857 ના સ્વતંત્ર્ય સંગ્રામનું તાત્કાલિક કારણ શું હતું ?
(20) સનિકોને અને પ્રજાને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાવા માટે આયોજકો છૂપા સંકેત તરીકેનો શેનો ઉપયોગ કરતા હતા ?

✷ **નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો : (પ્રત્યેકના બે ગુણ) (વિકલ્પો આંતરિક છે)** **[14]**

(1) પૃથ્વી વિશે તમે શું જાણો છો ?
(2) જલાવરણની ઉપયોગિતા જણાવો.
(3) પૂર એટલે શું ? પૂરની અસર કયાં વધારે થાય છે ?
(4) વાવાઝોડાની પરિસ્થિતિ કયારે સર્જાય છે ?

**અથવા**

પ્રાકૃતિક આપતિ વિશે સરકારમાંથી કેવી રીતે માહિતી મેળવી શકાય ?

(5) 'ગ્રીન હાઉસ ઈફેકટ' એટલે શું ?
(6) વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ વાયુનું પ્રમાણ વધી જાય તો શું થાય ?

**અથવા**

ડલહાઉસીએ ભારતમાં કયા–કયા સુધારા કર્યા

(7) તાપમાનમાં થતી વૃદ્ધિની અસરથી બચવા માટે આપણા રહેઠાણો કેવા હોવા જોઈએ ?

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

✷ **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો : (પ્રત્યેકના ત્રણ ગુણ) (વિકલ્પો આંતરિક છે)** **[21]**

(1) યુરોપિયન પ્રજાને ભારત તરફનો નવો જળમાર્ગ શોધવાની જરૂર શાથી પડી ?

(2) 'ભારત બિનસાંપ્રદાયિક દેશ છે.' – સમજાવો.

(3) સહાયકારી યોજનાની વિશેષતાઓ જણાવો.

**અથવા**

ખાલસાનીતિની વિશેષતાઓ જણાવો.

(4) દુષ્કાળથી બચવા કયા–કયા પ્રયત્નો કરવા જોઈએ.

(5) અંગ્રેજોએ કરેલા સુધારાથી ભારતના લોકોને કયા–કયા ફાયદા થયા ?

**અથવા**

બંગાળ, બિહાર અને ઓરિસ્સાના ખેડૂતો શાથી બેહાલ થયા ?

(6) ગ્લોબલ વોર્મિંગ અટકાવવા માટેના આવશ્યક ઉપાયો જણાવો.

(7) ભારતમાં સંસદની રચના કેવી રીતે થાય છે ?

Download From : http://www.edumatireals.in